મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના ૫૦૦ કિચનશેડનું
આધુનિકરણ કરવાની યોજનાની વહીવટી મંજૂરી આપવા
બાબત. સને ૨૦૧૫-૧૬ : નવી બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૫૯૭ /૨,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૪/૦૫ /૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૧૪ના ના અસ પત્ર ક્રમાંક: નં.૭-૧૩/૨૦૧૩-ઇઇ.૬/(એમડીએમ ૩-૧),

(૨) શિક્ષણ વિભાગના તા.૨૩/૯/૨૦૧૪ અને તા.૧૧/૦૨/૨૦૧૫ અને તા.૨૬/૩/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક :મભય /૧૦૨૦૧૪ /૨૧૫ /૨,

(૩) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પરિષદ,ગાંધીનગરના તા.૧૭/૪/૨૦૧૫ ના પત્ર ક્રમાંક: એસ.એસ.એ./સીવીલ/૨૦૧૫/૧૨૯૯૮,

(૪) કમિશ્નરશ્રી,મ.ભો.યો.ના તા.૧૭/૪/૨૦૧૫ના પત્ર ક્રમાંક:મભય/અમલ/મોર્ડનકિચનશેડ/૧૫-૧૬/૩૨૫૫

ઠરાવ –

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ તેમજ પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહન ભોજન યોજના હેઠળ ગરમ અને તાજું ભોજન બનાવવા માટે કિચન શેડનું બાંધકામ કરવામાં આવે છે.પ્રાથમિક શાળાઓના કિચન શેડનું આધુનિકરણ કરવા માટે એક કિચન શેડ દીઠ રુ.૪.૫૦ લાખ લેખે ૫૦૦ કિચનશેડ માટે સને.૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં નવી બાબતે નીચે મુજબની રુ.૨૨૫૦/લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે.

| ક્રમ | માંગણી નંબર | યુનિટ | એક યુનિટનો ખર્ચ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | જનરલમાં (માંગણી નં.૯) | ૩૬૦ | રુ.૪.૫૦ લાખ | ૧૬૨૦.૦૦ લાખ |
| ૨ | એસ.સી.પી(માંગણી નં.૯૫) | ૫૦ | રુ.૪.૫૦ લાખ | ૨૨૫.૦૦ લાખ |
| ૩ | ટીએએસપી(માંગણી નં.૯૬) | ૯૦ | રુ.૪.૫૦ લાખ | ૪૦૫.૦૦ લાખ |
| | કુલ | ૫૦૦ | | ૨૨૫૦.૦૦ લાખ |

એસ.એસ.એ.અને કમિ.મ.ભો.યો.ના સંદર્ભ -૩ અને ૪ ના પત્રોથી નીચે મુજબના કોલમમાં દર્શાવેલ કુલ- સાત આઇટમ બાબતે સદરહું બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવાની અને આ યોજનાની કામગીરી અને ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પરિષદ,ગાંધીનગરને હવાલે મુકવાને બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. (રકમ રૂપિયામાં )

| ક્રમ | સાધનોની વિગત | નંગ | એકમ દીઠરકમ | અંદાજીત રકમ |
|---|---|---|---|---|
| ૧ | બલ્ક કુકર (૧૫૦ લીટર ) | ૧ | ૬૭,૦૦૦ | ૬૭,૦૦૦ |
| ૨ | ફ્રાઇંગ પેઇન (૬૦ લીટર ) | ૨ | ૬૧,૫૦૦ | ૧,૨૩,૦૦૦ |
| ૩ | ઢોકળામેકર/સ્ટીમર/૧૮ ટ્રેવાળી | ૧ | ૫૨,૯૦૦ | ૫૨,૯૦૦ |
| ૪ | થી બર્નર રેન્જ | ૧ | ૩૪,૭૦૦ | ૩૪,૭૦૦ |
| ૫ | વેટ ચટણી મેકર (૧૦ લીટર) | ૧ | ૨૩,૨૦૦ | ૨૩,૨૦૦ |
| ૬ | ટેબલ (વર્કીંગ પ્લેટફોર્મ તેમજ સ્ટૉરેજ તરીકે) | ૩ | ૨૧,૪૦૦ | ૬૪,૨૦૦ |
| ૭ | ગેસ કનેકશન માટેની પાઇપ લાઇન વાલ્વ, રેગ્યુલેટર,લાઇટર વગેરે | ૧ | ૮૫,૦૦૦ | ૮૫,૦૦૦ |
| | કુલ | | | ૪,૫૦,૦૦૦ |

૨/ પુખ્ત વિચારણાના અંતે સને.૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં નવી બાબતે ઉપર મુજબ માંગણી નં.૯,૯૫ અને ૯૬ માટે પ્લાન સદરે પ્રાથમિક શાળાઓના કિચન શેડનું આધુનિકરણ કરવા માટે એક કિચન શેડ દીઠ રુ.૪.૫૦ લાખ (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર પુરા) લેખે ૫૦૦ કિચનશેડ માટે રુ.૨૨૫૦/લાખની (અંકે રૂપિયા બાવીસ કરોડ પચાસ લાખ પુરા) બજેટ જોગવાઇને ઉપર મુજબના કોલમમાં દર્શાવેલ કુલ-સાત આઇટમવાર ખર્ચ કરવાની અને આ યોજનાની કામગીરી અને ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પરિષદ,ગાંધીનગરને હવાલે મુકવાની નીચે મુજબની શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

(૧) આ અંગેની ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,ગાંધીનગરને હવાલે મુકવાની રહેશે.

(૨) કિચન શેડનું આધુનિકરણ માટેના કેન્દ્રોની યાદી તૈયાર કરીને સમય-મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

(૩)આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટ અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૭)આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૮)આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. .

(૯) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ ટેકનોલોજી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરાવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરાવાનું રહેશે.

(૧૧) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨)પ્રવર્તમાન યોજનાના નોમ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૩) તા.૧/૪/૨૦૧૫ થી ખર્ચ કરવાનો રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૫/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૬/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૭/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૦૮/૦૪/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.બી.દેસાઇ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અ.મુ. સચિવશ્રી (શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેકટર-૧૭,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- એકાઉન્ટન્ટ જનરલ, (ઓડિટ)ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ, ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે શાખાઓ, સચિવાલય,ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.